بسم الله الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.09-12-2016 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

જેમની આંખો પર પર્દો પડયો હોય, જેમણે આ ફેસલો કર્યો હોય કે આપણે નથી માનવું, તેમને ન તો અલ્લાહ તઆલાની મદદ દેખાય છે ન તો નિશોનો દેખાય છે અને નબીઓના ઇન્કારીઓનો હંમેશા આ જ પરંપરા રહી છે કે નિશાનો જોઇને પણ આ જ કહે છે કે અમોને નિશાન દેખાડો. તેઓ હદથી વધી જવાના કારણે તેમના દિલોને અલ્લાહ તઆલા બંધ કરી દે છે પછી તેઓ સચ્ચાઇને મેળવી જ નથી શકતા અને અમુક સમયે નબીની સહાયતામાં અલ્લાહ તઆલા તેમને જ શિખામણનો નિશાન બનાવી દે છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.ના વિરોધીઓ પણ આવા હતા જેમણે જોયા છતાં પોતાની ઝીદના કારણે કોઇ નિશાન દેખાતુ ન હતું. દા.ત. સુર્ય અને ચંદ્ર ગ્રહણનો નિશાન છે. આપે ફરમાવ્યું કે જ્યાં સુધી આ નિશાન પુરો ન થયો હતો મોલ્વી લોકો જે હતા તેઓ રડી રડીને આ હદીસને પઢયાં કરતા હતા અને જ્યારે આ નિશાન પુરો થયો ન એક વાર બલ્કે બે વાર પુરો થયો, પ્રથમ વાર આ દેશમાં અર્થાત ભારતમાં અને બીજી વાર અમેરિકામાં તો આ જ લોકો જે આ નિશાનને માંગતા હતા પોતાની વાતથી ફરી ગયા. જ્યારે આ નિશાન પુરો થયો તો એક મોલ્વી ગુલામ મુરતુઝા નામકે તે સમયે દુઃખ અને ચિંતા વ્યકત કરતા કહ્યું કે હવે દુનિયા ગુમરાહ થઇ ગઇ. હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે ખ્યાલ કરો શું તે ખુદા તઆલાથી વધીને દુનિયાનો શુભેચ્છક હતો. તેવી જ રીતે હઝરત મસીહ મૌઉદ અ.સ.ની સહાયતામાં પ્લેગનો નિશાન પણ છે,નદીઓ કાઢવાનો નિશાન પણ છે, કુરામ શરીફની ભવિષ્યવાણી છે, નવી આબાદીનો નિશાન પણ છે, પહાળ ચીરવાનો નિશાન પણ છે, પુસ્તકો અને અખબારોના પ્રકાશનના નિશાનો પણ છે, નવી સવારીઓ છે. આમ, ઘણાં બધા નિશાન છે જે આપે બયાન ફરમાવ્યા છે, જેની ખબર કુરાન શરીફમાં પણ છે અને આંહઝરત સ.અ.વ.એ પણ આપી. હઝરત મુસ્લેહ મૌઉદ રઝી. ફરમાવે છે કે લોકો નિશાનો અને અલ્લાહ તઆલાની સહાયતા જોવાને બદલે હઝરત મસીહ મૌઉદ અ.સ. પર નાના નાના હાસ્યને પાત્ર વાંધો ઉઠાવે છે. અમુક લોકોએ કહ્યું કે તેમની તો પાઘડી વાંકી છે તે મસીહ મૌઉદ કેવી રીતે હાઇ શકે છે. આપે ચમત્કાર પર ચમત્કાર બતાવ્યો પણ અમુક એવા લોકો આવ્યા જેમણે કહ્યું કે આ તો કાફ સારી રીતે નથી બોલી શકતાં આ કયાંથી મસીહ મૌઉદ હોઇ શકે છે. આપે આયત પર આયત દેખાડી પણ એવા લોકો આવ્યા જેમણે કહ્યું આમણે તો પત્નિ માટે ઘરેણાં બનાવ્યા છે આ તો બદામ અને રોગનનો ઉપયોગ કરે છે તેમને અમે કેવી રીતે માની શકીએ છીએ. કેટલાંક લોકો હઝરત મસીહ મૌઉદ અ.સ. પાસે આવીને કહેતા કે અમોને કોઇ નિશાન દેખાડો તો આપ ફરમાવતાં શું પહેલા નિશાનોથી તમોએ કોઇ ફાયદો ઉઠાવ્યો. જયારે પહેલા હઝારો નિશાનોથી તમોએ કોઇ ફાયદો ન ઉઠાવ્યો તો કોઇ બીજાથી કેવી રીતે ઉઠાવશો. તો આવા લોકો હંમેશા વંચિત જ રહે છે તેમનો આ જ ભાગ્ય છે કે તેઓ વંચિત રહે.

એક એવો ઝબરદસ્ત નિશાન જે દરરોજ પુરો થાય છે હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે અલ્લાહ તઆલા મને એક દુઆ શિખવાડે છે અર્થાત ઇલ્હામથી ફરમાવે છે કે: رب لا تزرنی فردا وانت خیر الوارثین અર્થાત મને એકલો ન છોડ અને એક જમાઅત બનાવી દે. બીજા સ્થાને ફરમાવ્યું: یاتیک من کل فج عمیق અર્થાત પ્રત્યેક તરફથી તારા માટે તે સાધનો જે મહેમાન માટે જરૂરી છે અલ્લાહ તઆલા સ્વયં ઉપસ્થિત કરશે. یاتون من کل فج عمیق અને તે દરેક માર્ગથી તારી પાસે આવશે.

આપણે જોઇએ છીએ કે આ ભવિષ્યવાણી આજ દિન સુધી ખુબ શાનથી પુરી થઇ રહી છે. આપની જમાઅતનું દરરોજ વધવું, ધનની કુરબાનીમાં લોકોનું વધવું એક જબરદસ્ત દલીલ છે આપની સચ્ચાઇની. બીજુ એક નિશાન છે પરંતુ તેને જ દેખાય છે જેની આંખો સ્પષ્ટ હોય. આંધળાને નથી દેખાતું.

હઝરત મુસ્લેહ મૌઉદ રઝીએ હઝરત મસીહ મૌઉદ અ.સ.ના અમુક ઇલ્હામો જે અહેમદિયતના વિજય અને જમાઅતની પ્રગતિ વિશે બયાન કર્યા છે તેમાંથી અમુક પેશ કરૂ છું. આપ ફરમાવે છે કે હઝરત મસીહ મૌઉદ અ.સ.ને અલ્લાહ તઆલાએ વારંવાર જણાવ્યું કે જમાઅત અહેમદિયાને પણ તેવી જ કુરબાનીઓ કરવી પડશે જેવી રીતે પહેલા નબીઓની જમાઅતોએ કરવી પડી એક વાર હઝરત મસીહ મૌઉદ અ.સ.એ એક સ્વપ્નમાં જોયું કે હું નિઝામુદ્દીનના ઘરમાં દાખલ થયો છું. નિઝામુદ્દીનનો અર્થ છે દીનનો નિઝામ અને આ સ્વપ્નનો અર્થ છે કે આખરે અહેમદીયા જમાઅત એક દિવસ નિઝામે દીન બની જશે અને દુનિયા તથા તમામ નિઝામ પર વિજય થશે, ઇન્શા અલ્લાહ. પરંતુ આ વિજય કેવી રીતે થશે તેના વિશે સ્વપ્નમાં આપ ફરમાવે છે કે આપણે આ ઘરમાં અમુક હસની તરીકાથી દાખલ થઇશું તથા અમુક હુસૈની તરીકાથી દાખલ થઇશું. આ બધાં લોકો જાણે છે કે હઝરત હસન રઝી. એ જે સફળતા પ્રાપ્ત કરી તે સંધિ દ્વારા કરી અને હઝરત હુસૈન રઝી એ જે સફળતા પ્રાપ્ત કરી તે શહાદત દ્વારા પ્રાપ્ત કરી.

હઝરત મસીહ મૌઉદ અ.સ.ને જણાવ્યું કે નિઝામુદીનના સ્તર પર જમાઅત પહોચશે તો ઠીક પરંતુ કેટલાક સંધિ, પ્રેમ તથા મહોબ્બતથી તથા અમુક શહાદતો, કુરબાનીઓ દ્વારા. જો આપણામાંથી કોઇ વ્યકિત આ સમજે છે કે પ્યાર અને સંધિ વગર આ સિલસિલો પ્રગતિ કરશે તો તે ભુલ પર છે જો કોઇ વ્યકિત આ સમજે છે કે કુરબાનીઓ તથા શહાદતો વગર આ સિલસિલો પ્રગતિ કરશે તો તે પણ ભુલ પર છે આપણને કયારેક સંધિ તથા સદભાવના તરફ જવું પડશે તથા કયારેક હુસૈની માર્ગ અપનાવવો પડશે જેનો અર્થ છે કે આપણે દુશ્મનો સામે મરી જવું છેપરંતુ તેની વાત નથી માનવી અને આ બંને વાતનો નમૂનો આજે જમાઅતના લોકો દેખાડી રહ્યા છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ તે યુગમાં જ્યારે કે આપની સાથે એક પણ વ્યકિત ન હતો, ફરમાવ્યું હતું કે ખુદા તઆલાએ ખબર આપી છે કે તારી જમાઅત એટલી પ્રગતિ કરશે કે શેષ વિશ્વની કોંમો આ રીતે રહી જશે જે રીતે આજ કાલ જુની ચલ જીવી કોંમો છે.

હુઝુર અનવરે ફરમાવ્યું આપણે જે પ્રતિ દિવસ અલ્લાહ તઆલાના સમર્થનના નવા નવા દૃશ્ય જોઇએ છે, ઇન્શા અલ્લાહ તે દિવસ પણ જરૂર આવશે જ્યારે આ દૃશ્ય પણ જોવા મળશે કે બીજા લોકો, બીજી કોંમો અત્યંત તુચ્છ શ્રેણીમાં હશે પરંતુ પોતની અંદર પણ તથા પોતાની નસ્લોની અંદર પણ દીનની આત્માં ફુકવાની જરૂર છે જેના કારણે અલ્લાહ તઆલા આપણને આ દૃશ્ય દેખાડે. જ્યાં સમર્થન હોય ત્યાં વિરોધ પણ હોય છે તથા હંમેશા નબીઓની જમાઅતો સાથે આ જ રીતે થાય છે પરંતુ આ વિરોધ ભયભીત નથી કરતો બલ્કે ઇમાનને મજબૂત કરે છે, ઇમાનમાં વ્યાપકતાનું કારણ બને છે. ફરમાવ્યું થોડાક દિવસ પહેલાં પૂર્વ રબ્વામાં તહરીક એ જદીદના કાર્યાલય તથા ઝિયાઉલ ઇસ્લામ પ્રેસ પર સરકારની પોલીસના વિશેષ વિભાગએ છાપો માર્યો અને મુરબ્બી તથા અમુક કાર્યકર્તાઓને પકડીને લઇ ગયા. જેથી રબ્વાથી મને કેટલાક લોકોએ મને પત્ર લખ્યો જેમાં મહિલાઓ પણ સામેલ છે કે અમે આ વાતોથી ડરવાના નથી બલ્કે અમારો ઇમાન મજબૂત છે અને આ પ્રકારની ઘટનાઓ જોઇને હંમેશા મજબૂત થાય છે અને અમે પ્રત્યેક આપત્તિઓનો સામનો કરીશું અને પ્રત્યેક કુરબાની આપીશું. ઝુઝુર અનવરે ફરમાવ્યું આ તે આત્મા છે જે મામિનમાં હોવી જોઇએ. આ તે વાતો છે જેના વિશે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ ફરમાવ્યું કે તમારે કરવી પડશે. અલ્લાહ તઆલાના વાયદા તથા અસંખ્ય સમર્થનોના દૃશ્ય આપણે જોઇએ છીએ, નિ:સંદેહ અંતિમ વિજય હઝરત મસીહ મૌઉદ અ.સ.ની જ છે. વિરોધ તો થાય છે અને થવાનો. અલ્લાહ તઆલા આ દેશને તે મોલ્વીઓથી બચાવે જે વાસ્તવમાં આતંકવાદી છે જેમણે દેશમાં ફિત્નો ઊભો કર્યો છે અને કોઇ પણ જીવ તેમનાથી સુરક્ષિત નથી. શેષ, જ્યાં સુધી કુરબાનીઓ છે, તે અહેમદી આપે છે અને આપતા રહેશે તથા આ બલીદાનોને અલ્લાહ તઆલા શીઘ્ર સફળ બનાવશે, ઇન્શા અલ્લાહ.

હુઝુર અનવરે ફરમાવ્યું અલજીરિયામાં પણ સરકાર તરફથી અહેમદિઓ પર ખુબ અત્યાચાર થઇ રહ્યો છે. અલ્લાહ તઆલા તેમને પણ સુરક્ષિત રાખે તથા તેમને પણ મજબૂતી આપે. ત્યાંની સરકારને પણ બુધ્ધિ આપે કે તે પણ અહેમદિઓની વાસ્તવિકતાને સમજનાર થાય. જે શાંતિ પ્રિય અને કાયદાના પાબંદ છે તેમના ઉપર આ આરોપ લગાવવામાં આવે છે કે અહેમદિ સરકાર વિરોધી ષડયંત્ર કરી રહ્યા છે અથવા ઉપદ્રવ પૈદા કરવા ચાહે છે જ્યારે કે વિશ્વના કોઇ પણ સ્થાને કોઇ પણ અહેમદી કદાપી દેશના કાયદા સામે લડનાર નથી અને સરકારથી લડનાર નથી બલ્કે અમે તો શાંતિ, પ્રેમ અને સદભાવના ફેલાવનાર છીએ તેના માટે બલિદાન પણ આપવું પડે તો આપીશું, ઇન્શા અલ્લાહ

હુઝુરે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના સંબંધીઓ તરફથી થનાર વિરોધનું વર્ણન કરતાં ફરમાવ્યું કે હઝરત મસીહ મૌઉદ અ.સ.ને જણાવ્યું કે તારા સિવાય આ કુટુંબની નસ્લો કાપી નાખવામાં આવશે, વિરોધ થયો પરંતુ અલ્લાહ તઆલાએ હઝરત મસીહ મૌઉદ અ.સ.ને તસલ્લી આપી અને ફરમાવ્યું કે નસલ જે છે, તારાથી જ જારી થશે તથા શેષ બધી કાપાઇ જશે, અને તેવુ જ થયું. હવે તે પરિવારમાંથી તે જ લોકો બાકી રહ્યા છે જે અહેમદિયા સિલસિલામાં દાખલ થઇ ગયા છે તથા અન્ય બીજી બધી નસ્લો કપાઇ ગઇ. જે સમયે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ દાવો કર્યો તે સમયે તે પરિવારમાં લગભગ ૭૦ પુરૂષ હતા પરંતુ હવે તેમના સિવાય જે કેવળ હઝરત મસીહ મૌઉદ અ.સ.ની શારીરિક તથા આધ્યાત્મિક સંતાન છે, તે ૭૦માંથી એક પણ સંતાન નથી જ્યારે કે તેમણે હઝરત સાહેબનું નામ મટાળવામાં જેટલું તેમનાથી થઇ શકયું પ્રયાસ કર્યો અને પરિણામ શું આવ્યો તે સ્વયં મટી ગયા તથા તેમની નસ્લો સમાપ્ત થઇ ગઇ. આ હઝરત મસીહ મૌઉદ અ.સ.ની સચ્ચાઇની એક મોટી દલીદ છે.

પછી તાઈ સાહેબા (મોટી કાકી) ની બૌઅતની ઘટના બયાન કરતા ફરમાવ્યું કે કેટલીક ભવિષ્યવાણીઓ તથા નિશાન પ્રત્યક્ષત: અતિ લઘુ હોય છે પરંતુ તેની કેફીયત પર વિચાર કરનાર માટે તેમાં અમેક વાતો એવી હોય છે જેના દ્વારા ઇમાનમાં વૃદ્ધિ થાય છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.નો એક ઇલ્હામ છે ‘તાઈ આઈ’ આ મોટી કાકી હઝરત મુસ્લેહ મૌઉદ રઝીની મોટી કાકી હતી, હઝરત મસીહ મૌઉદ અ.સ.ના મોટા ભાઇની પત્નિ. આ શબ્દોથી આ અભિપ્રાય હતો કે આપ તે સમયે બૈઅત કરશો જે સમયે બૈઅત લેનાર સાથે તેમનો સંબંધ મોટી કાકીનો હશે. જો તેમણે હઝરત મસીહ મૌઉદ અ.સ.ની બૈઅત કરવી હોત તો ઇલ્હામના શબ્દો ભાભી આવીના હોત. જો હઝરત ખલીફા પ્રથમના સમયમાં બૈઅત થતી તો આ હોત કે હઝરત મસીહ મૌઉદ અ.સ.ના પરિવારની એક મહિલા આવી. પરંતુ મોટી કાકીનો શબ્દ પ્રકટ કરે છે કે હઝરત મસીહ મૌઉદ અ.સ.નો છોકરો જ્યારે આપનો ખલીફા બનશે તો તેના હાથ પર બૈઅત કરશે. કેમ કે જો આપની સંતાનમાંથી કોઇએ ખલીફા ન બનવાનું હતું તો મોટી કાકીનો શબ્દ વ્યર્થ હતો. આપ ફરમાવે છે કે આ ઇલ્હામમાં વાસ્તવમાં ત્રણ ભવિષ્યવાણીઓ છે. પ્રથમ એ કે હઝરત મસીહ મૌઉદ અ.સ.ની સંતાનમાંથી ખલીફા થશે. બીજી આ કે તે સમયે મોટી કાકી જમાઅતમાં સામેલ થશે. ત્રીજી આ કે મોટી કાકીની આયુ વિશે ભવિષ્યવાણી હતી અને તે આ રીતે કે હઝરત મસીહ મૌઉદ અ.સ. જેમની આયુ તે સમયે લગભગ ૭૦ વર્ષ હતી, એક એવી મહિલા વિશે પેશગોઇ કરે છે જે તે સમયે પણ આયુમાં તેમનાથી મોટી હતી, કે તે જીવિત રહેશે તથા આપની સંતાનમાંથી ખલીફા થશે જેની બૈઅતમાં તે સામેલ થશે. આટલી લાંબી આયુ મળવી ખુબ જ મોટી વાત છે. માનવ મસ્તિષ્ક કોઇ યુવાનના વિશે પણ નથી કહી શકતો કે તે આટલા સમય સુધી જીવિત રહેશે. આ તાઈનું અવસાન લગભગ ૧૯૨૭માં થયું હતું. આમ, આ એક મોટો નિશાન છે. આપ ફરમાવે છે કે તાઈ જ્યારે અહેમદી થઇ તે પછી તેમણે વસીય્યત પણ કરી, આપ પણ બહિશ્તી મકબરામાં દફન થઇ.

પછી હઝરત મસીહ મૌઉદ અ.સ.ની દિલ્લી યાત્રાની ઘટના બયાન કરતાં હઝરત મુસ્લેહ મૌઉદ રઝી એક સ્થાને ફરમાવે છે કે હું ખુબ નાનો હતો, હઝરત મસીહ મૌઉદ અ.સ. દિલ્લી પધાર્યા. આપ અહીયા અલ્લાહના નેક વલીઓની મઝારો પર ગયા તથા લાંબા સમય સુધી દુઆઓ કરી અને ફરમાવ્યું હું એટલા માટે દુઆ કરૂ છુ કે આ બુઝુર્ગોની આત્મા જોશમાં આવે તથા એવું ન થાય કે આ લોકોની નસ્લો આ નૂર ઓળખવાથી વંચિત રહી જાય જે આ યુગમાં

અલ્લાહ તઆલાએ તેમના માર્ગદર્શન માટે મોકલ્યો છે અને ફરમાવ્યું કે નિ:સંદેહ એક દિવસ એવો આવશે કે અલ્લાહ તઆલા તે લોકોના દિલોને ખોલી દેશે અને તે હકને કબૂલ કરી લેશે. ફરમાવે છે કે હું તે સમયે નાનો હતો પરંતુ હઝરત મસીહ મૌઉદ અ.સ.ના આ કથનનો પ્રભાવ અત્યાર સુધી મારા દિલમાં શેષ છે. હુઝુર અનવરે ફરમાવ્યું કે આજે પણ દિલ્લીની જમાઅતનું કર્તવ્ય છે કે વિવેકપૂર્ણ રીતે હઝરત મસીહ મૌઉદ અ.સ.નો પૈગામ પહોચાડે. હવે માશા અલ્લાહ જાહેરાત વગેરેના માધ્યમથી પ્રચારમાં પર્યાપ્ત તેજી આવી છે પરંતુ મુસ્લિમો તરફથી વિરોધ પણ છે માટે તેમાં પણ પૈગામ પહોચાડવાની ખુબ જરૂર છે તથા આ તમામ વાતોની સાથે સૌથી મહત્વની વાત દુઆ છે આ તરફ અધિક ધ્યાન આપવાની જરૂર છે.

હઝરત મસીહ મૌઉદ અ.સ.એ એક કશ્ફમાં જોયું કે એક નાળી ખુબ લાંબી ખોદેલ છે તથા તેની ઉપર ભેડો સુવડાવી છે અને પ્રત્યેક ભેડના માંથે એક કસાઇ હાથમાં છરી લઇને તૈયાર છે અને આસ્માન તરફ તેમની નઝર છે, જેવું કે આદેશની પ્રતીક્ષ હોય. હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે હું તે સમયે એક સ્થાને ફરી રહ્યો છુ, તેમની પાસે જઇને મેં કહ્યું قل مایعبؤابکم ربی لولا دعاؤکم તેમણે તે જ સમયે છરીઓ ફેરી દીધી. જ્યારે તે ભેડો તડપી તો છરી ફેરનાર એ કહ્યું કે તમે વસ્તું શું છો, ગોં ખાનાર ભેડ જ છો. તે દિવસોમાં, હઝરત મુસ્લેહ મૌઉદ ફરમાવે છે કે ૭૦ હઝાર લોકો હૈઝાથી મૃત્યું પામ્યા હતા. જો કોઇ ધ્યાન નથી આપતું તો ખુદાને તેની શું ચિંતા છે, તેના કામ રોકાઇ નથી શકતા, તે થઇને જ રહેશે. આપે ફરમાવ્યું કે હઝરત મસીહ નાસરીના ત્રણ સો વર્ષ પછી ઈસાઇયતનો ઉત્થાન થયો હતો પરંતુ આપણી પસ્થિતિઓ જોઇને તો લાગે છે કે હઝરત મસીહ નાસરીના યુગના ખુબ પહેલાં ઇન્શા અલ્લાહ તઆલા અહેમદિયતને ઉત્થાન પ્રાપ્ત થઇ જશે. પાકિસ્તાની મોલ્વી હોય અથવા કોઇ ધાર્મિક લીડર હોય અથવા સાંસારિક શકિતઓ હોય, અલ્લાહ તઆલાની દૃષ્ટિમાં તેમનો કોઇ મૂલ્ય નથી, તે ભેડો જોવા લોકો છે તથા તે લોકો કદાપી અહેમદિયતની પ્રગતિમાં રૂકાવટ નથી બની શકતા પરંતુ તેના માટે કેવળ આપણે આપણા મુબલ્લીગો પર આશ્રિત નથી રહી શકતા કે તેઓ તબલીગ કરે અને અહેમદિયતને ફેલાવે. જો ઉત્થાનનો ભાગ બનવું છે અને બનવું જોઇએ તો આપણે પણ પોતાની દુઆઓ તરફ ધ્યાન આપવું પડશે, પોતાની રૂહાનિયતને વધારવી પડશે, અલ્લાહ તઆલા સાથે સંબંધ વધારવો પડશે અને આ જ વસ્તું છે જે અહેમદિયતના વિરોધને પણ સમાપ્ત કરશે અને અહેમદિયતની પગતિમાં પણ આપણને ઇન્શા અલ્લાહ તઆલા ભાગીદાર બનાવનાર બનશે. અલ્લાહ તઆલા આપણને આ સ્તર પ્રદાન કરે.

ખુત્બા જુમ્માના અંતમાં હુઝુર અનવરે ફરમાવ્યું: નમાઝ બાદ હું એક જનાઝા ગાયબ પણ પઢાવીશ જે મુકરરમ સોફની ઝફર અહેમદ સાહેબ, ઇન્ડોનેશિયાનો છે. ૮ નવેમ્બરના રોજ હાર્ટ અટેકથી તેમનું અવસાન થયું. ઇન્ના લિલ્લાહિ વ ઇન્ના ઇલૈહિ રાજિઉન. હુઝુર અનવર એ તેમનો પરિચય આપતા તેમના સદગુણો પણ બયાન કર્યા.

Khulasa Khutba Jumma Huzoor Anwar 09 December 2016

BOOK POST (Printed Matter)

To.........................................................................................................

.........................................................................................................

.........................................................................................................

From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT.